Extra No. 38

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] SATURDAY, JANUARY 31, 2026 / MAGHA 11, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું: પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાના પત્ર ક્રમાંક: LIB/જી.પી.એક્ટ ક.૩૭(૧), ૩૭(૩) જાહેરનામું/૮૫/૨૦૨૬, તા. ૨૨/૦૧/૨૦૨૬

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ ૩૭ (૧) મુજબ

નં. ડીસી/એમ.એ.જી./જાહેરનામું/૩૭(૧)/વશી/૨૭/૨૦૨૬.- અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૭ (૧) મુજબનું ગેરબંદોબસ્ત અટકાવવા અમુક કૃત્યોની બંધી અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ વંચાણે લીધેલ પત્રથી દરખાસ્ત કરી છે. જે વાજબી જણાય છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અરવલ્લી જિલ્લો, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૮/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦.૦૦ થી તા. ૧૧/૦૨/૨૦૨૬ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહે તે રીતે સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(ખ) કોઈ પણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાની,

(ચ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઊથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

અપવાદ: આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

૧. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી; અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીશ્રીઓ, શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યક્તિ તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનારને;

૨. સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું આવશ્યક હોય;

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યક્તિઓને;

૪. ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતોને;

૫. સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યક્તિઓને;

૬. કોઈ પણ અંતિમયાત્રાને,

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૫ (૧) હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની ૨૦૨૩ની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાઅધકિારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૭મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી.વી.મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધું: પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક: ક્રમાંક:LIB/જી.પી.એક્ટ ક.૩૭(૧), ૩૭(૩)/જાહેરનામું/૮૫/૨૦૨૬, તા.૨૨.૦૧.૨૦૨૬

-જાહેરનામું:-

નં.ડીસી/એમ.એ.જી./જાહેરનામું/૩૭(૩)/વશી/ ૨૮ /૨૦૨૬ - અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું ગેરબંદોબસ્ત અટકાવવા અમુક કૃત્યોની બંધી અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ વંચાણે લીધેલ પત્રથી દરખાસ્ત કરી છે જે વાજબી જણાય છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી.વી.મકવાણા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી. અરવલ્લી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૨૮/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૧.૦૨.૨૦૨૬ ના કલાક ૨૪.૦૦ સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી વિના કોઈપણ મંડળી અથવા સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ:-

આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં/ફરજ ઉપર હાજર હોય તેવી વ્યક્તિઓને,

(૨) કોઈ લગ્નના વરઘોડાને,

(૩) કોઈ સ્મશાન યાત્રાને,

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા,હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૭મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી.વી.મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક: LIB/જાહેરનામું/૧૧૩/૨૦૨૬, તા.૨૯.૦૧.૨૦૨૬

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)નો ખંડ(ખ)

-:જાહેરનામું:-

એમ.એ.જી.-૧/જાહેરનામું/વશી/૪૩/૨૦૨૬.- શામળાજી ખાતે જગત પ્રસિધ્ધ વિષ્ણુ ભગવાનનું પૌરાણિક મંદિર આવેલ છે. જે મંદિર ગુજરાત તેમજ રાજસ્થાનના લોકોની આસ્થાનું કેન્દ્ર છે તેમજ આ મંદીર નેશનલ હાઈવે નં. ૪૮ની નજીક આવેલ છે. જ્યાં અલગ-અલગ રાજ્યના લોકો દર્શાનાર્થે આવતા હોય છે. જેથી શામળાજી ખાતે આવેલ શામળિયા ભગવાન (વિષ્ણુ ભગવાનજી) ના મંદિરમાં દર પૂનમ નિમિત્તે ભારે સંખ્યામાં દર્શનાર્થી દર્શાનાર્થે આવતા હોઈ તે દિવસ દરમિયાન શામળાજી સી.એચ.સી. ડીપ સુધીના વિસ્તારમાં નાના-મોટા ફેરિયાઓ તેમજ દર્શનાર્થીઓ ચાલતા આવતાં-જતાં હોવાના કારણે ખુબજ વધુ પ્રમાણમાં ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે તે સિવાયના નાના વાહન ચાલકો પોતાના વાહન ડુંગરની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં પાર્ક કરતા હોય છે. તેમજ ડુંગર પાસે આવેલ પાર્કિંગની જગ્યા ઓછી હોઈ વાહન ચાલકો પોતાના વાહન રોડની સાઈડમાં પાર્ક કરી જતા રહેતા હોય છે, જેથી મોટા વાહનો આ સર્વિસ રોડ ઉપર આવન-જાવન કરે તે વખતે ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જેથી દર્શનાર્થીઓને આ ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. તેમજ ક્યારેક સુરક્ષાની રીતે મહત્વના પદાધિકારીશ્રીઓ પણ કોન્વોય સાથે મંદિરના દર્શનાર્થે આવતા હોય છે. જેથી શામળાજી બસ સ્ટેન્ડમાં આવતી તમામ બસોને કે જે હિંમતનગર, મોડાસા, ભિલોડા તરફથી આવતી હોય તેઓને શામળાજી સી.એચ.સી. બ્રિજ ઉપર (નેશનલ હાઈવે)થી આગળ કારછા એસ.ટી.સ્ટેન્ડ થી શામળાજી તરફ આવવા સારૂ તેમજ શામળાજી એચ.જી. વિદ્યાલય સર્વિસ રોડ થઈ શામળાજી આવવા તેમજ રતનપુર તરફથી આવતી બસો કે જે હિંમતનગર, મોડાસા, ભિલોડા રૂટ તરફ જનાર હોય તેઓને સી.એચ.સી. તરફ ન જવાની સમજ કરી તેઓને એચ.જી.વિદ્યાલય આગળ સર્વિસ રોડ તરફથી શામળાજી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થઈ બસ લઈ જવા સારૂતા.૦૧.૦૨.૨૦૨૬ના રોજ ૦૦-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી કુલ દિન -૧ (એક)નું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રેની કચેરીએ મોકલી આપેલ છે.

વાસ્તે, હું ડી. વી. મકવાણા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)ના ખંડ(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ

તા.૦૧.૦૨.૨૦૨૬ના રોજ ૦૦-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી દિન -૧ (એક)નું શામળાજી બસ સ્ટેન્ડમાં આવતી બસો માટે નીચે મુજબ ડાયવર્ઝન આપવા ફરમાવું છું.

હિંમતનગર, મોડાસા, ભિલોડા તરફથી આવતી બસો માટે

(૧) શામળાજી સી.એચ.સી. બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થી આગળ કારછા એસ.ટી.સ્ટેન્ડ થી શામળાજી એસ.જી. વિદ્યાલય સર્વિસ રોડ થઈ શામળાજી તરફ આવવા

રતનપુર તરફથી આવતી બસો માટે

(૧) હિંમતનગર, મોડાસા, ભિલોડા રૂટ તરફ જનાર બસો સી.એચ.સી. તરફ ન જતાં એચ.જી. વિદ્યાલય આગળ સર્વિસ રોડ તરફથી શામળાજી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) તરફ જવા સારૂ

વધુમાં ટ્રાફિક નિયમન થાય તે માટે વોકી-ટોકી સેટ સાથે ટ્રાફિકના માણસો મૂકવાના રહેશે તેમજ ટ્રાફિક નિયમન તંત્ર, પોલીસ તંત્રએ સંબંધિત ગ્રામ પંચાયતોનો સહકાર મેળવી ટ્રાફીક નિયમન થાય, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. અગત્યના સ્થળોએ ટ્રાફિક પોઈન્ટ નિયત કરી ટ્રાફિક કર્મચારીઓ મૂકવાના રહેશે તેમજ જરૂરી સાઈન બોર્ડ, સૂચનાઓ અગાઉથી લગાવવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાં અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરવાના સક્ષમ સત્તાધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધા:-

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અરવલ્લીના પત્ર ક્રમાંક:બ-૩/પરીક્ષા/૨૦૨૫-૨૬/૨૬૯૧, તા.૨૯-૦૧-૨૦૨૬

૨. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું:-

નં.એમ.એ.જી.-૧/પરીક્ષા/જાહેરનામું/વશી/૪૨/૨૦૨૬ - રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા CET પરીક્ષા-૨૦૨૬ આગામી તા.૩૧.૦૧.૨૦૨૬ (શનિવાર)ના રોજ ૧૩.૦૦ થી ૧૫.૩૦ કલાક દરમિયાન અરવલ્લી જિલ્લાના વિવિધ કેન્દ્રો પર પરીક્ષા લેવાનાર છે. જેના અનુસંધાને અરવલ્લી જિલ્લાના સામેલ યાદી મુજબના કેન્દ્રના બિલ્ડીંગ ખાતે બી.એન.એસ.એસ.-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈ પણ વ્યકિત પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/બ્લુટુથ ડિવાઈઝ/સ્માર્ટ વોચ સાથે લઈ જઈ શકશે નહિ. તેમજ પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવા અથવા ભેગા થવું નહિ કે સુત્રો પોકારવા નહિ કે સરઘસ અથવા રેલી કાઢવી નહિ. પત્થર કે બીજા અન્ય બોથડ પદાર્થ લઈ જવા તથા પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા ઉપર મનાઈ હુકમ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રોની આજુ-બાજુના વિસ્તારમાં પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા આપનાર ઉમેદવારોને ખલેલ પહોંચે તે રીતે માઈક/લાઉડ સ્પીકર/મ્યુઝીક વગાડવા ઉપર મનાઈ હુકમ ફરમાવવા જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અરવલ્લીનાઓ દ્વારા વંચાણે લીધેલ પત્ર-(૧)થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

ઉક્ત વિગતો ધ્યાને લેતાં પરીક્ષા સમય દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે સદર પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈ પણ વ્યકિત પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/બ્લુટુથ ડિવાઈઝ/સ્માર્ટ વોચ સાથે લઈ જઈ શકશે નહિ. તેમજ પરીક્ષા સમય દરમિયાન

પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવા અથવા ભેગા થવું નહિ કે સુત્રો પોકારવા નહિ કે સરઘસ અથવા રેલી કાઢવી નહિ. પત્થર કે બીજા અન્ય બોથડ પદાર્થ લઈ જવા નહિ તથા પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહિ તેમજ પરીક્ષા કેન્દ્રોની આજુ-બાજુના વિસ્તારમાં પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા આપનાર ઉમેદવારોને ખલેલ પહોંચે તે રીતે માઈક/લાઉડ સ્પીકર/મ્યુઝીક વગાડવા નહિ તથા પરીક્ષાના દિવસે વીજ પુરવઠો ખોરવાય નહી તે માટે તા. ૩૧.૦૧.૨૦૨૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી બપોરે ૧૫.૩૦ કલાક દરમિયાન ખોદકામ કરવું નહિ. પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચે તે રીતે માઈક/લાઉડ સ્પીકર/મ્યુઝીક વગાડવું નહિ તથા આ સમય દરમિયાન સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મંજુરી આપોઆપ રદ ગણાશે.

-: અપવાદ:-

આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહિ.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસા/બાયડ તથા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી, તમામ જિ.અરવલ્લી.

(૩) ફલાઈંગ સ્કવોડના તમામ અધિકારીશ્રીઓ.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/બ્લુથ ડિવાઈઝસ્માર્ટ વોચ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જમ્ન કરી શકશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

No.	BlockName	NAME OF Exam Center (School)	ADDRESS OF Exam Center
1	BAYAD	SHRI T.C. PATEL HIGH SCHOOL, AMBLIYARA	AT.PO. AMBLIYARA TA.-BAYAD
2	BAYAD	SHRI R.V. PATEL HIGHSCHOOL, BOROL	AT.PO. BOROL TA.-BAYAD
3	BAYAD	SHRI N. H. SHAH HAIGHSCHOOL, BAYAD	AT.PO.- BAYAD TA.-BAYAD
4	BAYAD	SARASWAT U. B. VIDYALAY, BAYAD	AT.PO.- BAYAD TA.-BAYAD
5	BAYAD	SHETH SHRI U.G. HIGH AND D.G.PATEL HIGHSCHOOL, CHOILA	AT.PO.-CHOILA TA.-BAYAD
6	BAYAD	SHRI NANIBA HIGHSCHOOL, BAYAD	AT.PO.- BAYAD TA.-BAYAD
7	BAYAD	SANSKAR VIDYALAY, KAVATH PATIYA	AT.-KAVATHPATIYA PO.- BOROL TA.-BAYAD
8	BAYAD	SHRI SURAJBA HIGHSCHOOL, GABAT	AT.PO.- GABAT TA.-BAYAD
9	BAYAD	SATHAMBA GROUP VKS VIDYA MANDIR,SATHAMBA	AT.PO.- SATHAMBA TA.-SATHAMBA
10	BAYAD	SHRI M.P. SHAH AND H.C. PATEL HIGHSCHOOL, JITPUR	AT.PO.-JITPUR TA.BAYAD
11	BAYAD	SHRI C.R. PATEL VIDYAVIHAR AND R.B. PATEL HIGHSCHOOL, TENPUR	AT.PO.- TENPUR TA.-BAYAD
12	BAYAD	TAXSHILA VIDYALAY, BAYAD	AT.PO.- BAYAD TA.-BAYAD
13	BHILODA	SHRI S D VYAS HIGHSCHOOL- TAKATUKA	AT-PO TAKATUKA TA BHILODA
14	BHILODA	SHRI J M TANNA VIDHYAVIHAR-VANKANER	AT-PO VAKANER TA BHILODA
15	BHILODA	SHRI N R A VIDHYALAY- BHILODA	AT-PO BHILODA TA BHILODA
16	BHILODA	MATRUSHRI N R JOSHI VIDHYALAYA- DHOLAVANI	AT-PO DHOLVANI TA BHILODA
17	BHILODA	ST.XEVIERS HIGH SCHOOL-BHILODA	AT-PO BHILODA TA BHILODA
18	BHILODA	SMT R J TANNA PRERNA VIDHYALAYA-BHILODA	AT-PO BHILODA TA BHILODA
19	BHILODA	ARYAJYOTI VIDHYALAY- SHAMLAJI	AT TA-SHAMLAJI, ARVALLI
20	BHILODA	SMT A P THKAR VIDHYALAYA- SHAMLAJI	AT TA-SHAMLAJI, ARVALLI
21	BHILODA	EKLAVY MODEL RESIDENCIAL SCHOOL-SHAMLAJI	AT TA-SHAMLAJI, ARVALLI
22	BHILODA	EKLAVY MODEL SCHOOL-SHAMLAJI	AT TA-SHAMLAJI, ARVALLI
23	DHANSURA	SHRI P K FANSE HIGHSCHOOL- AKRUND	AT PO AKRUND TA DHANSURA
24	DHANSURA	SHRI ODHAV VIDHYA MANDIR-DHANSURA	AT -PO DHANSURA TA DHANSURA
25	DHANSURA	R S V GIRL HIGH SCHOOL- DHANSURA	AT -PO DHANSURA TA DHANSURA
26	DHANSURA	SHRI J S MAHETA HIGHSCHOOL- DHANSURA	AT -PO DHANSURA TA DHANSURA
27	DHANSURA	SHETH L P HIGHSCHOOL- SHINOL	AT -PO SHINOL TA DHANSURA
28	DHANSURA	D G SHREYAS VIDHYALAYA- VADAGAM	AT -PO VADAGAM TA DHANSURA
29	DHANSURA	SHRI R B VAKIL VIDHYAMANDIR ANIYOR	AT -PO ANIYOR TA MALPUR
30	MALPUR	SHRI P G MAHETA HIGH SCHOOL MALPUR	MALPUR TA MALPUR
31	MALPUR	SHRI R B VAKIL VIDHYAMANDIR ANIYOR UNIT 2	AT-PO ANIYOR TA MALPUR
32	MALPUR	SHRI M M MAHETA HIGH SCHOOL UBHARAN	AT-PO UBHARAN TA MALPUR
33	MALPUR	SHRI N P PATEL HIGHSCHOL NANAVADA	AT-PO NANAVADA TA MALPUR
34	MALPUR	SHRI P C N HIGHSCHOL MEGHRAJ	AT-PO MEGHRAJ TA MEGHRAJ
35	MALPUR	HARIOM HAIGHSCHOOL-MALPUR	AT-PO MALPUR TA MALPUR
36	MALPUR	SHRI RADHAKRUSHNA VIDHYAMANDIR SATARDA	AT-PO SATARDA TA MALPUR
37	MEGHRAJ	SHRI P C N HIGH SCHOOL-MEGHRAJ	AT.PO.TA.- MEGHRAJ
38	MEGHRAJ	SHRI LOKMAGALAM U B VIDHAYALAY- DACHAKA BELYO	AT.PO.- DACHAKA BELYO TA.-MEGHRAJ
39	MEGHRAJ	VISHV VATSAL HIGH SCHOOL-KASANA	AT.PO.- KASANA TA.- MEGHRAJ
40	MEGHRAJ	ST XAVIOURS HIGH SCHOOL-MEGHRAJ	PANCHAL ROAD, MEGHRAJ TA.-MEGHRAJ
41	MEGHRAJ	SHRI N U BIHOLA HIGH SCHOOL-ISARI	AT.PO.- ISARI TA.- MEGHRAJ
42	MEGHRAJ	SHRI GURUKRUPA VIDHYALAY-RELLAVADA	AT.PO.- RELLAVADA TA.- MEGHRAJ
43	MEGHRAJ	P M SHRI MODEL SCHOOL- MEGHRAJ	AT.PO.TA.- MEGHRAJ
44	MEGHRAJ	SHRI R V HIGH SCHOOL- RAMGADHI	AT.PO.- RAMGADHI TA.- MEGHRAJ
45	MODASA	M R T C MADNI HIGHSCHOOL- MODASA	AT.PO.- MODASA TA.-MODASA
46	MODASA	SHRI P M KOTHARI HIGH SCHOOL-TINTOI	AT.PO.- TINTOI TA.-MODASA
47	MODASA	SHRI C M SUTHAR HIGH SCHOOL-JITPUR	AT.-JITPUR PO.-VARTHU TA.-MODASA
48	MODASA	SHRI M K KADAKIYA HIGH SCHOOL-DUGARVADA	AT.PO.- DUGARVADA TA.- MODASA
49	MODASA	ADARSH VIDHYALAYA-LIMBHOI	AT.PO.- LIMBHOI TA.- MODASA
50	MODASA	SHRI G K BHATT HIGH SCHOOL-MEDHASAN	AT.PO.- MEDHASAN TA.- MODASA

No.	BlockName	NAME OF Exam Center (School)	ADDRESS OF Exam Center
51	MODASA	H L PATEL SARASVATI VIDHYALAY- MODASA	AT.PO.- MODASA TA.- MODASA
52	MODASA	SHRI C G BUTALA SARVODAYA HIGHSCHOOL- MODASA	AT.PO.- MODASA TA.- MODASA
53	MODASA	SHRI K N SHAH HIGH SCHOOL-MODASA	AT.PO.- MODASA TA.- MODASA
54	MODASA	GENIUS HIGH SCHOOL-MODASA	AT.-KHALIKPUR PO.TA.-MODASA
55	MODASA	SHRI A M SHAH HIGH SCHOOL-SARDOI	AT.PO.- SARDOI TA.-MODASA
56	MODASA	NEW LEAP HIGH SCHOOL-MODASA	AT.-KHALIKPUR PO.TA.-MODASA
57	MODASA	CHANAKYA VISHV VIDHYALAY-MODASA	SAYRA ROAD TA.-MODASA
58	MODASA	MAKHADUM HIGHSCHOOL- MODASA	JAMALVAV ROAD, MODASA TA.-MODASA
59	MODASA	SATYAM VIDHYALAY-MODASA	AT.PO.- MODASA TA.- MODASA
60	BAYAD	SHRI R.V. PATEL HIGHSCHOOL, BOROL	AT.PO. BOROL TA.-BAYAD
61	DHANSURA	R S V GIRL HIGH SCHOOL- DHANSURA	AT -PO DHANSURA TA DHANSURA
62	MALPUR	SHRI M M MAHETA HIGH SCHOOL UBHARAN	AT-PO UBHARAN TA MALPUR
63	MODASA	SHRI J.B. SHAH ENGLISH MEDIUM SCHOOL, MODASA	COLLEGE CAMPUS, DHANSURA ROAD, MODASA TA.-MODASA

આજ તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી.વી.મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી મોડાસાના તારીખ ૨૮/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક LIB/જાહેરનામું/ઔદ્યો./૧૦૦/૨૦૨૬.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નં.એમ.એ.જી/જાહેરનામું/કલમ-૧૬૩/કામદાર/વશી/૩૧/૨૦૨૬.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ ત્રાસવાદી બનાવોથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ, ગુનેગારો તથા અસામાજિક તત્ત્વો મહત્ત્વના શહેરોમાં આવેલ ઔદ્યોગિક એકમ, ફેક્ટરી, હોટલ, રેસ્ટોરન્ટ, ગોડાઉન, ઓફીસ, ફાર્મ હાઉસમાં કામ કરતા મજૂરો, કારીગરો, કર્મચારીઓ તથા ઘર નોકર (ઘર ઘાટી) તરીકે આશરો મેળવતા હોય છે અને આવા ઈસમો શહેરોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી, ગુનાહિત તેમજ અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય તેમજ અંકુશમાં મૂકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતિ માટે આતંકવાદીઓ તથા ભયજનક ગુનેગારો વ્યકિતઓને પકડવા તેમજ તેમને લગતી ફોટા સહિતની અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે અને પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારૂ ઔદ્યોગિક એકમ, ફેક્ટરી, હોટલ, રેસ્ટોરન્ટ, ગોડાઉન, ઓફીસ, ફાર્મ હાઉસમાં કામ કરતા મજૂરો, કારીગરો, કર્મચારીઓ તથા ઘર નોકર (ઘર ઘાટી)ની તેમના માલિકો/સંચાલકો નીચે આપેલ પત્રક મુજબની વિગતો પોતાની પાસે ફરજિયાતપણે ઉપલબ્ધ રાખે. જેથી, આતંકવાદી/ભાંગફોડનાં તેમજ અન્ય ગુનાઓ બને ત્યારે આવા ઈસમોની ફોટા સાથેની હકીકતનાં આધારે તેવા ઈસમોને ઓળખી શકાય અને તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી શકાય તેમજ આવા ઈસમોને આશ્રય લેતાં અટકાવી શકાય તે માટે સંબંધિત એકમોના માલિકોએ માહિતી રાખવી જરૂરી હોવાનું જણાવી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓ દ્વારા સંબંધિત પત્ર-૧ થી બી.એન.એસ.-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, હું.ડી.વી.મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની ૨૦૨૩ કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂ છું.

ઔદ્યોગિક એકમ, ફેક્ટરી, હોટલ, રેસ્ટોરન્ટ, ગોડાઉન, ઓફીસ, ફાર્મ હાઉસમાં તેમજ ઘરોમા કામ કરતા મજૂર, કારીગર, કર્મચારી તથા ઘરની નોકરની વિગત

પોલીસ સ્ટેશનનું નામ : ....., જિલ્લો. અરવલ્લી

મજૂર / કારીગર / કર્મચારી / નોકરનો ફોટો

૧.	માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન અને મોબાઈલ નંબર	
૨.	ઔદ્યોગિક એકમ, ફેક્ટરી, હોટલ, રેસ્ટોરન્ટ, ગોડાઉન, ઓફીસ, ફાર્મ હાઉસ, ઘરનું નામ, સરનામું તથા ટેલીફોન/ મોબાઈલ નંબર	
૩.	મજૂર, કર્મચારી, કારીગર, ઘર નોકરનું નામ, હાલનું સરનામું તથા ઓળખ ચિન્હો, અભ્યાસ, ટેલીફોન/મોબાઈલ નંબર	
૪.	હાલમાં કોણ કોણ સાથે રહે છે ?	
૫.	રહેઠાણ કંપનીએ ફાળવેલ છે કે ભાડે રહે છે ?	
૬.	જો ભાડે રહેતા હોય તો પોલીસને જાણ કરેલ છે ?	
૭.	મજૂર, કર્મચારી, કારીગર, ઘર નોકરનું વતનનું સરનામું, જિલ્લો, ગામ, પોલીસ સ્ટેશન તથા ટે.નં./મોબાઈલ નંબર	
૮.	મજૂર, કર્મચારી, કારીગર, મજૂર, ઘર નોકરને રાખ્યા તારીખ	
૯.	મજૂર, કર્મચારી, કારીગર, ઘર નોકરને નોકરીએ રાખ્યા તારીખ	
૧૦.	મજૂર, કર્મચારી, કારીગર, ઘર નોકર અગાઉ જે જગ્યાએ કામ કરતા હોય તે માલિકનું પુરૂ નામ, સરનામું તથા ટેલીફોન/મોબાઈલ નંબર	
૧૧.	મજૂર, કર્મચારી, કારીગર, ઘર નોકરને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ છે તેનું પુરૂ નામ, સરનામું તથા ટેલીફોન/મોબાઈલ નંબર	
૧૨.	મજૂર, કર્મચારી, કારીગર, ઘર નોકરના બે ત્રણ સગાસંબંધીઓના પૂરા નામ, સરનામાં, વતન સહિતના ટેલીફોન/મોબાઈલ નંબર	
૧૩.	નામ સરનામા બાબતે ખાતરી કરેલ છે? જો ખાતરી કરેલ હોય તો કોણે કઈ રીતે કરેલ છે.	

આ જાહેરનામું તા. ૦૨/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) કુલ-૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય ૨૦૨૩ કલમ - ૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી.વી.મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અરવલ્લી-મોડાસા.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી મોડાસાના તા. ૨૮/૦૧/૨૦૨૬ના પત્ર નંબર એલ.આઈ.બી./સી.સી. ટીવી/જાહેરનામું/૧૦૧/૨૦૨૬.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નં.એમ.એ.જી./જાહેરનામું/કલમ-૧૬૩/સી.સી.ટી.વી./૩૨/૨૦૨૬.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા રાજ્ય / દેશની વિવિધ જગ્યાઓએ અસામાજિક તત્ત્વો દ્વારા શ્રેણી બધ્ધ બોમ્બ ધડાકાઓ કરી જાનહાની તેમજ મિલકતની હાનિ કરવામાં આવે છે તેમજ મંદિરો, મકાનો વિગેરેમાં લૂંટ ચલાવવામાં આવે છે. આ પ્રકારની અસામાજિક ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરવા વાહનો, હાઈવે પરની હોટલોનો ઉપયોગ કરવામાં આવે છે. અરવલ્લી જિલ્લાને અડીને રાજસ્થાન રાજ્ય તેમજ ખેડા, સાબરકાંઠા, મહીસાગર જેવા જિલ્લાઓ આવેલા છે.

આ પ્રકારની ગેર કાયદેસર પ્રવૃત્તિઓ અટકે તે માટે હાઈવે પરના પેટ્રોલ પંપ, હોટલો તેમજ ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) મુકવાની જરૂરિયાત છે.

સબબ, હું, ડી. વી. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તારમાં આવેલ નીચે મુજબના જાહેર સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા હુકમ કરૂં છું.

(૧) હાઈવે પર આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, તમામ પેટ્રોલ પંપ અને તમામ ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સહીતના રાખવાના રહેશે.

(૨) એસ.ટી. સ્ટેન્ડ/એસ.ટી. ડેપો/રેલ્વે સ્ટેશન, મંદિરો, હોસ્પિટલો (ખાનગી તથા સરકારી), એ.ટી.એમ. સેન્ટર્સ, મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ, કોમર્શીયલ સેન્ટર્સ, શોપીંગ મોલ, તેમજ મોટી જનમેદની એકત્ર થતી હોય તેવા કાર્યક્રમના સ્થળોએ આવવા જવાના તથા મેદની જોઈ શકાય તે રીતની યોગ્ય સુરક્ષા માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૩) જિલ્લામાં આવેલ સોના, ચાંદીની દુકાનો, બેંક, શરાફી મંડળી (નાણાં ધીરધાર કરનાર સંસ્થા) આંગડીયા પેઢીમાં સી.સી.ટી.વી. કેમેરા મૂકવાના રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા નક્કી કરેલ ગુણવત્તા વાળા "Image-color, Image-sensor, 1.3 "minimum Support-TCP IP and remote monitoring. Resolution-600 TVI.Min. Compression-H.264 MJPEG.System data storage-15 days min. With back light compensation and night vision capability." વાળા રાખવાના રહેશે. તથા તેનું રેકોર્ડીંગ દિન-૧૫ સુધી જળવાઈ રહે તે રીતની સીસ્ટમ રાખવાની રહેશે.

આ જાહેરનામું તા. ૦૨/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) કુલ-૬૦ (સાઠ) દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી મોડાસાના તા. ૨૬/૧૧/૨૦૨૫ના પત્ર ક્રમાંક : LIB/હો.ગે.હા./જાહેરનામું/૧૦૨/૨૦૨૬.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નં.એમ.એ.જી/જાહેરનામું/કલમ-૧૬૩/હોટેલ, ગેસ્ટ હાઉસ/વશી/૩૩/૨૦૨૬.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે, ત્રાસવાદી / અસામાજિક તત્ત્વો મહત્ત્વના શહેરોમાં આવેલ ગેસ્ટ હાઉસ / હોટલ / લોજમાં રોકાણ કરતા હોય છે અને શહેરોના સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતિ માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા

તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે અને જાહેર જનતાનો સહકાર ઉપરોકત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારૂ પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓ દ્વારા સંબધિત પત્ર-૧થી બી.એન.એસ.એસ.-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ હું, ડી. વી. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂં છું.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં રહેવા આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂર નોંધ કરવાની રહેશે.

(૨) આ રજિસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગૂઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે.

(૩) દરેક હોટેલ / લોજ / ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજિસ્ટરમાં દરેક મુસાફરે જાતે પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવાની રહેશે. ''ફોટો ઓળખપત્ર રજુ કરવું પડશે તો જ હોટેલમાં પ્રવેશ આપવામાં આવશે.'' તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શિત કરવાનું રહેશે.

(૪) દરેક હોટેલ / લોજ / ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર C.C.TV કેમેરા રાખવા જેથી પ્રવાસીના સામાન વિગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તેમજ તે રેકોર્ડીંગ ઓછામાં ઓછા ૧૦ (દસ) દિવસ સુધી સાચવી રાખવાના રહેશે.

(૫) દરેક હોટેલ / લોજ / ગેસ્ટ હાઉસમાં આવતા પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

(૬) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટેલ / લોજ / ગેસ્ટ હાઉસમાં નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચિત / સગા / ઓળખીતાનું નામ, સરનામું, મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈનું પાલન ફરજીયાતપણે કરાવવું આ હકીકત નોંધાવવાની જવાબદારી હોટેલ સંચાલકની રહેશે.

(૭) મુસાફરના ફોટો ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ પાસપોર્ટ વિગેરે) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટેલના દફતરમાં રાખવાની રહેશે.

(૮) તમામ હોટલો / લોજ / ગેસ્ટ હાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટેલનું સંચાલન કરવું નહી. તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી વગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૯) હોટલો / લોજ / ગેસ્ટ હાઉસ/ ઢાબાના માલિક તથા મેનેજર / તમામ કર્મચારીઓના નામ સરનામાં નજીકના સગા સંબંધીની વિગતો આંગળાની છાપો વગેરે હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ / ગેસ્ટ હાઉસ / લોજ કયા કયા સ્થળે આવેલ છે? તેમના માલિક / મેનેજર / સંચાલકના નામ, સરનામુ/, ટેલીફોન / મોબાઈલ નંબરની લેખિત માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટને ફરજીયાતપણે આપવાની રહેશે.

ઉપરોકત (૧) થી (૯) ના મુદ્દાની લાગુ પડતા તમામ (પ્રવાસીઓને રહેવાની સુવિધા આપતા હોટલ, ગેસ્ટ હાઉસ, વગેરે) એકમના માલિકો દ્વારા અમલ થાય તે જોવાની જવાબદારી સંબંધિત પોલીસ થાણાના અમલદારની રહેશે. પોલીસ થાણા અમલદારે તેમના કાર્યક્ષેત્રમાં આવતા આ પ્રકારના એકમોની અવાર નવાર મુલાકાત લઈ આ જાહેરનામાની અમલવારી થાય તે અંગે તકેદારી રાખવાની રહેશે અને મુલાકાત લીધેલ એકમોનો અહેવાલ દર માસે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને મોકલવાનો રહેશે.

આ જાહેરનામું તા. ૦૨/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૪/૨૦૨૬ સુધી કુલ-૬૦ (સાઠ) દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામું હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી- મોડાસાના તારીખ ૨૬/૧૧/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ LIB/હો.ગે.હા./જાહે./૧૦૩/૨૦૨૬.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નં.એમ.એ.જી/જાહેરનામું/કલમ-૧૬૩/મોબાઈલ ખરીદ-વેચાણ/વશી-૩૪/૨૦૨૬.–રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે તેમજ મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ચોરાઈ ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મૂળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને મોબાઈલ ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુનાના મુળ સુધી પહોંચવામાં આવે ત્યારે એવું જાણવા મળે છે કે ''કોઈ અજાણી વ્યકિતએ મને આપેલ છે, અને હું તેને ઓળખતો નથી''. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીઓને શોધી કાઢવા માટે દુકાનના માલિકો/સંચાલકો નીચે આપેલ હકિકત મુજબનું રજીસ્ટર નિભાવે તે સારૂ તથા પોલીસતંત્ર જયારે માંગણી કરે ત્યારે તે રજુ કરવાની દરેકની ફરજ રહે તે સારૂ પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓ દ્વારા સંબંધિત પત્ર-૧થી બી.એન.એસ.એસ.-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ હું, ડી. વી. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાની સમગ્ર હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂં છું.

(૧) જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલાં મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજિયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ સહિતના અલગ-અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI NO	મોબાઈલ વેચનારનું /નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧.				

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI NO	મોબાઈલ / ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧.				

(૨) જે વ્યક્તિઓને મોબાઈલ / સીમકાર્ડ / હેન્ડસેટ વગેરે ઓળખકાર્ડ વગર અથવા કોઈપણ પ્રકારના ઓળખપત્ર વગર પૂરા પાડે અથવા કોઈપણ પ્રકારના ઓળખપત્ર વગર લે તો તેની જવાબદારી ફોન વેચનાર/ખરીદનારની રહેશે.

આ જાહેરનામુ તા. ૦૨/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૪/૨૦૨૬ સુધી કુલ-૬૦ (સાઠ) દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામુ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધા-

(૧) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી-મોડાસાના તા. ૨૬/૧૧/૨૦૨૫ના પત્ર ક્રમાંકઃ LIB/મકાન-ભાડુ/જાહે./૧૦૪/૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નંબર એમ.એ.જી/જાહેરનામું/કલમ-૧૬૩/મકાન ભાડુઆત/વશી/૩૫/૨૦૨૬.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને તાજેતરમાં બનેલ કેટલીક ઘટનાઓથી જણાઈ આવેલ છે કે, ત્રાસવાદીઓ/અસામાજિક તત્ત્વો સ્થાનિક જગ્યાઓએ ખોટા નામે મકાન ભાડે રાખી રહેણાંક વિસ્તારમાં આશરો મેળવી તેમજ કેટલીક વખત ખોટા નામે દુકાન/શો રૂમ ભાડે રાખી ધંધો રોજગાર કરવાના બહાના હેઠળ સ્થાનિક જગ્યાઓ, રાજ્યની મહત્વની વ્યક્તિઓ તથા યોજનાઓનો સર્વે કરી માહિતગાર થઈ ત્રાસવાદી પ્રવૃત્તિ/ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. સ્થાનિક અસામાજિક ઈસમોનો પણ ઘણીવાર તેમજ સહયોગ મેળવતા હોય છે અને તેઓ આવી પ્રવૃત્તિથી અમૂલ્ય માનવ જીંદગીની ખુવારી કરી સંપત્તિને નુકશાન કરી શાંતિ સલામતી અને જાહેર વ્યવસ્થાનો ભંગ કરવાનો તેમનો બદ ઈરાદો બહાર લાવે છે અને કાયદો વ્યવસ્થા જોખમાય છે. આમ મકાન માલિકો, દુકાન/શો રૂમ ભાડે આપનારાઓ ઉપર થોડા નિયંત્રણો મુકી આવી અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવી હોવાનું જણાવી પોલીસ અધિક્ષકશ્રી, અર વલ્લી-મોડાસાનાઓ દ્વારા સંબંધિત પત્ર-૧થી બી.એન.એસ.-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, હું, ડી. વી. મકવાણા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર હદ વિસ્તાર માટે આ પ્રકારના મકાનો, દુકાનો, શો-રૂમો ભાડે આપતાં નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવા હુકમ કરૂ છું.

મકાન, દુકાન, શો-રૂમ ભાડે આપનારે નીચે મુજબની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશને આપવાની રહેશે.

મકાન ભાડે આપનારે આપવાની માહિતી :-

(૧) મકાન માલિકનું અથવા માલિક વતી ભાડે આપવાની સત્તા ધરાવનારનું પુરું નામ, મકાન માલિક જ્યાં રહેતા હોય તે ઘરનું નામ સરનામું, સંપર્ક નંબર.

(૨) જે મકાન ભાડે આપવાનું છે તેની સંપૂર્ણ વિગત.

(એ) પુરું સરનામું (મકાન નંબર, સોસાયટી, વિસ્તાર વિગેરે)

(બી) મકાનની વિગત-કેટલા રૂમ, રસોડું અન્ય વિગત

(૩) મકાન ભાડે આપ્યા તારીખ.

(૪) મકાનનું નક્કી કરેલ ભાડું.

(૫) મકાન ભાડે આપનાર/ભાડે લેનારનો સંપર્ક કેવી રીતે થયો ?

(૬) સંપર્ક કરાવનાર વ્યક્તિનું પુરૂ નામ, સરનામું અને તેમનો સંપર્ક નંબર.

(૭) મકાન ભાડે રાખનાર વ્યક્તિનો સંપર્ક નંબર તેમજ મકાનમાં રહેનાર તમામ સભ્યોની વિગત.

અ.નં.	નામ	પિતાનું નામ	અટક	ઉ. વર્ષ	મૂળ વતનનું સરનામું

દુકાન/શો રૂમ ભાડે આપનારે આપવાની માહિતી :-

(૧) દુકાન, શો રૂમના માલિકનું અથવા માલિક વતી ભાડે આપવાની સત્તા ધરાવનારનું પુરું નામ, દુકાન ભાડે આપનાર માલિક જ્યાં રહેતો હોય તે ઘરનું પુરૂ નામ, સરનામું, સંપર્ક નંબર.

(૨) જે દુકાન/ શો રૂમ ભાડે આપવાનું છે તેની સંપૂર્ણ વિગત.

(એ) પુરું સરનામું (દુકાન/શો રૂમનંબર, સોસાયટી, વિસ્તાર વિગેરે)

(બી) દુકાન/શો રૂમની વિગત -કેટલા રૂમ અન્ય વિગત

(૩) દુકાન/ શો રૂમ ભાડે આપ્યા તારીખ.

(૪) દુકાન/ શો રૂમનું નક્કી કરેલ ભાડું.

(૫) દુકાન/ શો રૂમ ભાડે આપનાર/ભાડે લેનારનો સંપર્ક કેવી રીતે થયો ?

(૬) સંપર્ક કરાવનાર વ્યક્તિનું પુરૂ નામ, સરનામું અને તેમનો સંપર્ક નંબર.

(૭) દુકાન શો રૂમ ભાડે રાખનાર વ્યક્તિનો સંપર્ક નંબર તેમજ મકાનમાં રહેનાર તમામ સભ્યોની વિગત.

અ.નં.	નામ	પિતાનું નામ	અટક	ઉ. વર્ષ	મૂળ વતનનું સરનામું

આ જાહેરનામું તા. ૦૨/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૪/૨૦૨૬ સુધી કુલ-૬૦(સાઠ) દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી.વી.મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :- :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી-મોડાસાના તા. ૨૮/૦૧/૨૦૨૬ના ક્રમાંકઃ LIB/પ્રા.સી./જાહે./૧૦૫/૨૦૨૬.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નં.એમ.એ.જી/જાહેરનામું/કલમ-૧૬૩/ખાનગી સીક્યુરીટી/વશી/૩૬/૨૦૨૬.—ખાનગી સિક્યુરિટી એજન્સીના માણસો / કર્મચારીઓ લાયસન્સવાળા હથિયારો સાથે જાહેર જગ્યામાં ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા અને જમીનના વિવાદોમાં લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા કે ગુજરાત રાજ્યની હદનું લાયસન્સ મેળવી તેનો ગુજરાતમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. અને આવા હથિયારોનો બિન જરૂરી કારણ વગર આડેધડ ઉપયોગ કરતા હોય છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરિટી ગાર્ડ ફરજ બજાવતા હોય તે કારખાના/ફેકટરીઓના માલિકનો વિશ્વાસ કેળવી ચોરી, લુંટ, ધાડ જેવા મિલ્કત સંબંધી ગુનાઓ આચરતા હોય છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયાર મેળવી સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાથી પણ ગંભીર પ્રકારના ગુનાઓ બનવા પામે છે. જેથી આવા બનાવો બનતા રોકવા અંકુશ રાખવા વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી ખાનગી સિક્યુરિટી કંપની ચલાવતા સંચાલકો અને ખાનગી સિક્યુરિટી ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું ખૂબ જ જરૂરી હોવાનું જણાવી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓ દ્વારા સંબંધિત પત્ર-૧ થી બી.એન.એસ.એસ,-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, હું, ડી. વી. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂ છું.

(૧) અરવલ્લી જિલ્લામાં ખાનગી સીક્યુરીટી કંપની ચલાવતા સંચાલકો અને જિલ્લા બહાર ખાનગી સિક્યુરિટી કંપની ચલાવતા હોય પણ તેઓની કંપનીના સિક્યુરિટી ગાર્ડ અત્રેના જિલ્લામાં ફરજ બજાવતા હોય તેવી કંપનીના સંચાલકોએ તેઓની કંપનીમાં હથિયારી /બિન હથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

(૨) પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી ગાર્ડ તથા તેનું હથિયાર અને અસલ લાયસન્સ જે તે સિક્યુરિટી કંપની કે ખાનગી પેઢી/ ફેકટરી વગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી રહેશે.

(૩) ખાનગી સિક્યુરિટી એજન્સીના માણસો/કર્મચારીઓ લાયસન્સવાળા હથિયારો સાથે જાહેર જગ્યામાં હથિયાર દેખાય તે રીતે તેમની ફરજ સિવાય બિનજરૂરી રીતે હરશે-ફરશે નહી.

(૪) ખાનગી સિક્યુરિટી કંપની ચલાવતા સંચાલકોએ પોતાની કંપનીના સિક્યુરિટી ગાર્ડ માટે ખાખી ગણવેશ રાખી શકશે નહી અને કોઈ પણ ખાનગી સિક્યુરિટી ગાર્ડ ખાખી ગણવેશ પહેરી શકશે નહીં.

(૫) મુદ્દા નં. ૧ ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

૧	સિક્યુરિટી ગાર્ડનો પાસપોર્ટ સાઇઝનો ફોટો	
૨	સિક્યુરિટી એજન્સી અથવા પેઢી/ફેકટરીનું નામ, માલિકનુ નામ - સરનામું તથા સંપર્ક નંબર	
૩	પરપ્રાંતિય સિક્યુરિટી ગાર્ડ હથિયારી/બિન હથિયારીનું પુરૂ નામ, હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર તથા વતનનું સરનામું. (ગામ, પોસ્ટ, તાલુકો, જિલ્લો, પોલીસ સ્ટેશન, રાજ્ય)	
૪	સિક્યુરિટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, સંપર્ક નંબર	
૫	નોકરીએ રાખ્યાની તારીખ	
૬	કોના રેફરન્સ/પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ-સરનામું, સંપર્ક નંબર	
૭	હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સની વિગત તથા હથિયારનું વર્ણન	
૮	હથિયાર લાયસન્સનો માન્ય વિસ્તાર તથા રીન્યુ તારીખ	

આ જાહેરનામું તા. ૦૨/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૪/૨૦૨૬ સુધી કુલ-૬૦(સાઠ) દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધા:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના તા.૨૮.૦૧.૨૦૨૬ના પત્ર ક્રમાંક:LIB/સીમ-કાર્ડ/જાહે./૧૦૬/૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-:જાહેરનામું:-

નં.એમ.એ.જી./જાહેરનામું/સીમ કાર્ડ/વશી/૩૭/૨૦૨૬ - ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્વો ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપવા તથા રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડનો ઉપયોગ કરતા હોય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા ઉપર કોઇ ચોક્કસ પ્રકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. આ અંગે મોબાઈલ કંપનીને સોંપવાના થતા દસ્તાવેજોની પણ જે તે ડિસ્ટ્રીબ્યુટરો/ રિટેઈલરો ધ્વારા યોગ્ય ખરાઈ કરવામાં આવતી નથી. આ મોબાઈલ સીમકાર્ડ વેચતા ડિસ્ટીબ્યુટરો/રિટેઈલરો/કિરીયાઓની અવાર-નવાર કરવામાં આવેલ ચકાસણી દરમિયાન તેઓ પાસે સીમકાર્ડ વેચાણ અંગેના માન્ય કોઈ દસ્તાવેજી આધાર પુરાવા કે દસ્તાવેજ ધારકને કયું સીમકાર્ડ આપવામાં આવેલ છે તે અંગેની માહિતી ન હોવાનું અને મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે પણ સીમકાર્ડ વેચતા/ખરીદતા હોવાનું જણાઈ આવેલ છે.આ ઉપરાંત સ્થાનિક ISD/STD/PCO ઉપરથી બનાવટી કોલ (FAKE CALL) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ રોજબરોજ વધી રહેલ છે. જિલ્લા કક્ષાએ કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ ISD/STD/PCOધારકોએ કોલરની આઈડેન્ટેટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની, નામ-સરનામાની માહિતીનું રજિસ્ટર નિભાવવામાં આવે તે ખુબ જ જરૂરી છે.

રાષ્ટ્રીયહિત માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે અને જાહેર જનતાનો સહકારઉપરોકત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારૂ પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષી જિલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમ-કાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર નિયંત્રણ લાવવું જરૂરી હોવાનું જણાવી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓ દ્વારા સંબંધિત પત્ર-૧થી બી.એન.એસ.એસ. ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ હું ડી. વી. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂ છું..

(૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડિસ્ટ્રીબ્યુટર્સ કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતા સીમકાર્ડ નંબરોનું રજિસ્ટર વિસ્તાર વાર ડિસ્ટ્રીબ્યુટર્સે અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

(૨) ડિસ્ટ્રીબ્યુટર્સ કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રિટેલર્સને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર રિટેલર્સે પણ નિભાવવું. જેમાં જે તે નંબરનું સીમકાર્ડ કઈ વ્યક્તિને વેચવામાં આવેલ છે અને સાથો સાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ વિગતવાર નોંધ કરવી.

(૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર્સ અને તેના રિટેલર્સની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલીસ સ્ટેશન તેમજ પોલીસ અધિક્ષકની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

(૪) સીમ કાર્ડ ખરીદવા આવનાર વ્યક્તિ જે દસ્તાવેજો આપે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવાની રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈ કાર્ડ ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી..

(૫) મોટા ભાગે દસ્તાવેજોની ખરાઈ કરવા માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પૂરેપૂરી માહિતી મોબાઈલ કંપનીઓએ સ્થાનિક પોલીસને આપવી.

(૬) મોબાઈલ સીમના ડિસ્ટ્રીબ્યુટર્સ સીમ કાર્ડના વેચાણ અર્થે સીમ કાર્ડ કોઈ પણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા હોવાનું જણાઈ આવેલ છે. જે ખૂબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફક્ત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એકટ હેઠળ નોંધાયેલ લાયસન્સ

ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

((૭) મોબાઈલ કંપનીઓએ કોઈ પણ સીમ કાર્ડનું એક્ટીવેશન કરતાં પહેલાં સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એક્ટીવ કરવું.

(૮) ISD/STD/PCOધારક દુકાનદારોએ પણ કોલની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલ માટે પણ કોલ કરવા માટે આવનાર ઈસમના નામ-સરનામાની માહિતીનું રજિસ્ટર નિભાવવું.

આ જાહેરનામું તા.૦૨.૦૨.૨૦૨૬ થી તા.૦૨.૦૪.૨૦૨૬ સુધી કુલ ૬૦ (સાઠ) દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાં અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડા કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના તારીખ ૨૮/૦૧/૨૦૨૬ના પત્ર નંબર LIB/સા. ટુ-વ્હીકલ/ જાહે/૧૦૭/૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નં.એમ.એ.જી/જાહેરનામું/કલમ-૧૬૩/વાહન વેચાણ/વશી/૩૮/૨૦૨૬.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા દેશના વિવિધ શહેરોમાં શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાન હાનિ તેમજ માલ મીલકતોને નુકશાન કરવામાં આવેલ જે જોતાં ત્રાસવાદી/તત્ત્વો પોતાના મલીન ઈરાદાઓને અંજામ આપવા માટે સાઈકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી/ ત્રાસવાદી કૃત્યોને અંજામ આપે છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા અંકુશમાં મુકી શકાય તે માટે આવા વાહનોની માહિતી રાખેલ હોય તો આ પ્રકારના ગુનાઓ કરનાર ગુનેગારો સુધી પહોંચી શકવા, તેમજ પકડી શકવામાં સરળતા રહે. વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાયકલો/સ્કુટર તથા મોટર સાઈકલ જેવા ટુ વ્હીલર વાહનો વેચાણ કરનાર પર કાયદાકીય નિયંત્રણ હોવું જરૂરી છે. જેથી જાહેર વ્યવસ્થા, સલામતિ અને સુરક્ષા માટે નીચે મુજબની સુચનાઓ અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

સબબ, હું, ડી. વી. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તાર માટે આ પ્રકારના વાહનોની ખરીદ વેચાણ સમયે નીચે મુજબની સુચનાઓનું પાલન કરવા હુકમ કરૂ છું.

(૧) નવી તેમજ જુની સાઇકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીકલ વાહનો ખરીદનારાને બીલ અવશ્ય આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વાહન ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાઈસન્સ, પાન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખ કાર્ડ કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણ પત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસીપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી કે કોઇ પણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઇ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વેચાણ કર્તાઓએ ફરજિયાત મેળવવાનો રહેશે.

(૩) બીલમાં વાહન ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક નંબર અવશ્ય લખવાનો રહેશે.

(૪) વેચાણબીલમાં આ પ્રકારના વાહનોનો ફ્રેમ નંબર, ચેચીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવાનો રહેશે.

(૫) આ પ્રકારના વાહનોના વેચાણ કર્તાએ કોઇ પણ પોલીસ અધિકારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૦૨/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૪/૨૦૨૬ સુધી કુલ-૬૦(સાઠ) દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રા ધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી મોડાસાના તા. ૨૬/૦૧/૨૦૨૬ના પત્ર નંબર એલ.આઈ.બી./સોના-ચાંદી/જાહેરનામું/૧૦૮/૨૦૨૬.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નંબર એમ.એ.જી/જાહેરનામું/કલમ-૧૬૩/સોના ચાંદી ખરીદી/વશી/૩૯/૨૦૨૬.—રાજ્યમાં બનતા ગુનાઓમાં સોના ચાંદીના ઘરેણાંની ચોરીના ચેઈન સ્નેચીંગના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ આચરી ગુનેગારો ઘરેણાં તથા દાગીના (સોના ચાંદી) લે-વેચ કરનારા દુકાનદારો, શો રૂમ વાળાઓને વેચવા જતાં તેઓ આવો ચોરીનો મુદ્દા માલ વેચવા આવનારની માલિકીનો માનીને અજાણતામાં વેચાણ રાખતા હોય છે અને ચોરીની તપાસમાં છેવટે મુદ્દા માલ રાખનાર પાસે આવી કોઇ માહિતી ન હોવાના બનાવો બનતા હોય છે. જેથી તેઓ અજાણતા હિત સંબંધ ધરાવનાર બની જાય છે અને વેપારીઓને બિન જરૂરી પરેશાની ભોગવવી પડે છે. આવા મુદ્દામાલ વેચાણ રાખનાર વેપારી પાસે વેચાણ આપનારના કોઈ ઓળખાણના પુરાવા કે કોઈ ચોક્કસ નામ/સરનામાની કોઈ માહિતી ન હોવાના કારણે ચોરી કરનાર (સાચા ગુનેગારો) સુધી પહોચવામાં પોલીસને ખુબ જ મુશ્કેલી અનુભવવી પડે છે અને ઘણી વાર અશકય પણ બનીજા છે. આવા સોના ચાંદીના દાગીના, વસ્તુઓ, દાગીના ઓગાળીને બનાવેલ ગઠ્ઠા જેવી વસ્તુઓ વેચાણ આપનાર આવે ત્યારે વેચાણ રાખનાર દુકાનદાર આવા વેચાણ આપનાર પાસેથી તેમના ઓળખના પુરાવા મેળવી ઉપલબ્ધ રાખી, દુકાનદાર વેપારી નીચેના નમુનામાં રજિસ્ટર નિભાવે તે ખૂબ જ જરૂરી હોવાનું જણાવી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓ દ્વારા સંબંધિત પત્ર-૧થી બી.એન.એસ.એસ.-૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ હું ડી. વી. મકવાણા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તાર માટે જિલ્લામાં સોના-ચાંદીના ઘરેણાં લે-વેચ કરનાર દુકાનદારો, શો રૂમવાળાઓને આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂં છું.

જિલ્લાના તમામ આવા સોના-ચાંદીના વેપારીઓ, દુકાનદારોએ નીચેના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

સોના-ચાંદીના ઘરેણાં ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

દુકાનદારનું નામ/સરનામું ..... **તારીખ .....**

અ.નં.	સોના ચાંદીના ઘરેણાંની વિગત દાગીનાનું નામ જથ્થો / નંગ /કિંમત	સોના ચાંદીના ઘરેણા વેચનારનું નામ, સરનામાં, સંપર્ક નંબર સહિતની વિગત	આઈ.ડી. પ્રુફની વિગત	મુદ્દા માલ વેચાણ આપનારની સહી
૧	૨	૩	૪	૫

આ જાહેરનામું તા. ૦૨/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૪/૨૦૨૬ સુધી કુલ-૬૦ (સાઠ) દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામું અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી મોડાસાના તા.૨૮/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક LIB./ટીફીન બોક્ષ/ જાહે/૧૦૯/૨૦૨૬.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નં.એમ.એ.જી/જાહેરનામું/કલમ-૧૬૩/ટીફીન બોક્ષ/વશી/૪૦/૨૦૨૬.–ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર (અરવલ્લી), તેમજ બેંગ્લોર, મુંબઈ અને દિલ્હી જેવા શહેરોમાં આતંકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ છે. જે તમામ બનાવને જોતાં જાહેર જગ્યા ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર વાહન ઉપર ટીફીન બોક્સ અથવા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. ભુતકાળમાં આ પ્રકારના ટુ વ્હીલર વાહન ઉપર બોમ્બ બ્લાસ્ટના બનાવ અત્રેના જિલ્લાના મોડાસા ખાતે પણ બનવા પામેલ હતા. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવર જવર હોય અને લોકો ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવે છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારૂ અરવલ્લી જિલ્લાની જનતાએ પણ સુરક્ષાની દ્રષ્ટિએ આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્સ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર વાહન કોઈ પણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી જેથી આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષાના હિતમાં નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવા આમુખ-૨ ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ દરખાસ્ત રજુ કરેલ છે.

સબબ, હું, ડી. વી. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે આથી નીચેના કૃત્યોન પ્રતિબંધિત કરવા હુકમ કરૂ છું.

પ્રતિબંધિત કૃત્યો

અરવલ્લી જિલ્લામાં ટીફીન બોક્સ કે અન્ય કોઇ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) બિનવારસી મુકવા નહી. આવા ટીફીન બોક્સ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ-વ્હીલર વાહનો બિનવારસી હાલતમાં મળી આવશે તો પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

રાષ્ટ્રીય હિત માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે અને જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારુ પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષીને જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી ટીફીન બોક્સ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) બિનવારસી મુકવા નહીં.

આ જાહેરનામું તા. ૦૨/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૪/૨૦૨૬ સુધી કુલ-૬૦ (સાઠ) દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામું અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા

અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધા:-

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના તા.૨૮.૦૧.૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી/વાહન-૨જી./જાહે./૧૧૦/૨૦૨૬

-:જાહેરનામું:-

નં.એમ.એ.જી./જાહેરનામું/કલમ-૧૬૩/વાહન રજીસ્ટ્રેશન/વશી/૪૧/૨૦૨૬ - ભૂતકાળમાં સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રમાં ત્રાસવાદી પ્રવૃત્તિઓમાં દિન-પ્રતિદિન વધારો થતો હોવાનું જણાયેલ છે. ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર (અરવલ્લી), બેંગ્લોર, મુંબઈ અને દિલ્હી જેવા વિવિધ શહેરોમાં ત્રાસવાદી હુમલાના બનાવો બનેલ છે. ત્રાસવાદીઓ/અસામાજિક તત્વો વાહનો મારફતે મુસાફરી કરી શહેરી વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી ત્રાસવાદી પ્રવૃત્તિ આચરી જાહેર સલામતી અને શાંતિનો વ્યાપકપણે ભંગ કરે છે તેમજ લોકોના જાન-માલની પણ મોટાપાયે ખુવારી કરી ગુનાઓ આચરી વાહનો મારફતે નાસી છુટતા હોય છે. અમદાવાદ શહેરમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટોમાં ફોર વ્હીલર વાહનોમાં મોટા જથ્થામાં એકસપ્લોઝીવ પદાર્થો રાખી સિવિલ હોસ્પિટલ અને એલ. જી. હોસ્પિટલ, અમદાવાદ ખાતે બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આતંકવાદી જુથો અને સંસ્થાઓ તેમજ રાષ્ટ્રદ્રોહી તત્વો દ્વારા રાજ્યના અથવા અન્ય રાજના વાહનો ચોરી, તેની ઉપર ખોટા નંબરો લગાવવાની અને ચીતરાવવાની સંભાવના રહેલ છે. ભૂતકાળમાં પકડાયેલ આતંકવાદી ઈસમોની પૂછપરછમાં પોતાનો હેતુ પાર પાડવા ભંડોળ મેળવવા સારૂ વાહનની ચોરી કરી, ખોટા નંબરો લગાવી લુંટ અને ધાડના બનાવો આચરી ભંડોળ એકત્રિત કરી તે ભંડોળનો રાષ્ટ્ર વિરૂધ્ધની પ્રવૃત્તિ સારૂ ઉપયોગ કરેલાનું જણાઈ આવેલ. છે. તાજેતરમાં મિલકત સંબંધી ગુનાઓનું પ્રમાણ પણ વધવા પામેલ હોઈ, ગુનેગારો આવા ગુનાઓને અંજામ આપી ગુનાના સ્થળેથી વાહન મારફતે અન્ય જિલ્લા તેમજ રાજ્ય બહાર નાસી જાય છે. આવા ત્રાસવાદી/અસામાજિક તત્વોએ વાહન મારફતે મુસાફરી કરી હોય તેની વિગતો બનાવ પછી મળે છે. પરંતુ વાહનની પાકી ઓળખ પ્રસ્થાપિત થઈ શકતી નથી, જેનો લાભ ગુનેગારોને મળે છે. હાલના પ્રવર્તમાન સંજોગોમાં આતંકવાદી સંગઠનો અને રાષ્ટ્ર વિરોધી તત્વો દ્વારા ઉક્ત જણાવેલ સંજોગોમાં જિલ્લામાં વાહનોની નંબર પ્લેટ બનાવનાર/ચીતરનાર વૈપારીઓ આવનાર વાહન માલિક (ગ્રાહક)ની પસંદગી મુજબ વાહનોની નંબર પ્લેટો તેમજ અમુક ચોક્કસ પ્રકારના સિમ્બોલવાળા સ્ટીકર કે લખાણ બનાવતા હોય છે અને વાહન ઉપર લગાડતા હોય છે. જેથી વાહનો ઉપર નંબર પ્લેટ બનાવનાર/ચીતરનારનાઓ ઉપર તેઓની કામગીરી અંગે અંકુશ, નિયંત્રણ અને દેખરેખ રાખવી રાષ્ટ્રના હિતમાં જરૂરી છે. જેનાથી આવા ત્રાસવાદી કૃત્યો કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય અને આવા બનાવોમાં સંડોવાયેલ ગુનેગારને પકડવામાં સરળતા રહે છે. જિલ્લામાં વાહનોની નંબર પ્લેટ બનાવનાર/ચીતરનાર સંસ્થા/દુકાનદાર/વ્યક્તિઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ-સલામતી અને દેશની સુરક્ષાના હિતમાં થોડાક સૂચનો અમલમાં મૂકવાનું જરૂરી જણાવી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓ દ્વારા સંબંધિત પત્ર-૧થી બી.એન.એસ.એસ.-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ હું ડી. વી. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂ છું.

(૧) વાહનોની નંબર પ્લેટ બનાવનાર / ચીતરનાર સંસ્થા / દુકાનદાર / વ્યક્તિઓએ સરકારશ્રી દ્વારા નિયત થયેલ નીતિ - નિયમો મુજબની જ નંબર પ્લેટ બનાવવાની રહેશે. તે સિવાય કોઈ ફેન્સી પ્રકારના નંબરોવાળી નંબર પ્લેટ બનાવવી નહી.

(૨) વાહનોની નંબર પ્લેટ બનાવનાર/ચીતરનાર સંસ્થા/દુકાનદાર/વ્યક્તિઓએ નીચે જણાવ્યા મુજબના કોલમનું રજિસ્ટર ફરજીયાત નિભાવવાનું રહેશે.

અ. નં.	વાહન માલિક તથા ગ્રાહકનું નામ સરનામું, સંપર્ક નંબર	વાહનનો પ્રકાર રજિસ્ટ્રેશન નંબર	વાહનના આર.સી. બુકની નકલ મેળવેલ છે કે કેમ ?	વાહન માલિક તથા ગ્રાહકના ફોટો આઈ. ડી. પ્રુફની વિગત (નકલ મેળવવી)	વાહન ઉપર નંબર સિવાય અન્ય કોઈ સ્ટીકર/લખાણ બનાવી લગાડેલ હોય તો તેની વિગત

(૩) વાહનોની નંબર પ્લેટ બનાવનાર/ચીતરનાર સંસ્થા/દુકાનદાર/વ્યક્તિઓએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબનું રજીસ્ટર ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

આ જાહેરનામું તા.૦૨.૦૨.૨૦૨૬ થી તા.૦૨.૦૪.૨૦૨૬ સુધી કુલ ૬૦ (સાઠ) દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.25 14:29:39 IST